પૈસા સીરીઝ—મણકો ૨ જો.

મનોરમા.

૧ પૈસો.

પૈસા સીરીઝ—મણકો ૨ જો.

મનોરમા.

કર્તા તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,
હીરાલાલ વર્દ્ધમાન શાહ.
ભીંડીબજાર, વોરાનો માળો, મુબઈ ન. ૯.

સને ૧૯૧૪—૧ પૈસો—પ્રત ૧૦૦૦૦.

ધર્મ વિજય પ્રેસ, પાયધુની નં. ૫૭૨—મુબઇમાં
હરજીવન ભગવાને છાપ્યું.

જરૂરી

સુપ્રસિદ્ધ તાંદુરની અસલ લાદીઓ.

આ લાદીઓ સસ્તા ભાવે કેમ મલી શકે છે તેવો અમારા કેટલાક માનવતા ગ્રાહકો તરફથી પ્રશ્ન થતાં અમને જાહેર કરવાની ખાસ ફરજ પડે છે કે આ લાદીઓની અંદર હલકી જાતની જેવી કે નાવંદગી તેમ તાદુરની આસપાસની હલકા માલની ખાણોના માલનો ભેળ કરવામા આવે અથવા તો તે હલકો માલ તાંદુરની લાદીઓના નામથી વેચવામાં આવે તોજ તે ઓછા ભાવે મલી શકે. અમારી કંપનીએ દશ વરસના પટે તાદુરની અસલ જુની અને સુપ્રસીધ ખાણો રાખેલી છે અને તેથી અસલ તાંદુરની ખાસ જુની ખાણોની લાદીઓ વગર ભેલની અમો પરચુટણ તથા જથાબંધ પુરી પાડીએ છીએ. આ અસલ ખાણોની સુપ્રસીધ્ધ લાદીઓ ઇનજીનીયરોએ પાસ કરેલી છે અને તે શરદીવાલા ભાગમાં બેસાડવાથી શરદી ઉપર આવતી નથી. તેમજ જેમ જેમ તે વપરાય છે તેમ તેમ વધુ ને વધુ સફાઇદાર થતી જાય છે જ્યારે બીજી કેટલીક લાદીઓમાથી પાપડી અને કાકરી ઉખલે છે.

ધી તાંદુર એન્ડ શહાબાદ સ્ટોન કું૦

મુંબઇ નં૦ ૪.

મનોરમા.

ફિરેસ્તો.

"કાશી બાબુની સજાવેલી ઓરડીમા કેટલીક વાર સુધી વાટ જોઇને બેઠા પછી તેની પત્ની માલતીને ઉદ્દેશીને બીજી એક ઘુંઘટવાળી સ્વરૂપવંતા સ્ત્રીએ નમ્ર સ્વરથી પૂછ્યુ કે "સાહેબ કયારે આવશે?"

"હમણા જ આવે છે. આજે એ કયાય બહાર નથી ગયા આ અમારા મહોલ્લામાજ ગયા છે, તે આવતા જ હશે." માલતીએ જવાબ આપ્યો

"ઇશ્વર કરે ને જલદી પાછા આવે તો સારૂં. સારૂં થયુ કે આજે બાબુ સાહેબ કયાય બહાર નથી ગયા" ઘુંઘટવાળીએ એક દીર્ઘ નિશ્વાસ નાખીને કહ્યું.

"એટલુ બધું તે તમારે શુ અગત્યનું કામ છે? શું તમારે કાંઇ ફરિયાદ કરવાની છે? તમારૂ કાઇ નુકશાન થયુ છે?" માલતીએ ઘુંઘટવાળીને એટલી બધી આતુર જોઇને પૂછ્યુ

"શું નુકશાન થયુ છે, એ સવાલ મહેરબાની કરીને ન પુછો. હુ એક ભારી આફતમા આવી પડી છુ, અને બાબુ સાહેબ વિના

બીજુ કોઇ મને એ આફતમાથી બચાવી શકે એમ નથી જ. " ઘુંઘટવાળી સ્ત્રી રડતી રડતા બોલી.

"બહુ સારૂ, એ આવે એટલે તમારી ફરિયાદ એમને કહી સંભળાવજો. પણ બ્હેન, અત્યારે આટલો મોટો લાંબો ઘુંમટો તાણવાની અહીં શી જરૂર છે ? હું તો તમારા જેવી એક અબળા જ છુ અહીં અત્યારે બીજો કોઇ પુરૂષ તો છે જ નહિ આવી ગરમીમા મોઢુ ઢાંકીને કયા સુધી બેસી રેહેશો ? "માલતીએ તેનું મુખ જોવાના હેતુથી ઘુંઘટ ખોલાવવાનો એક પ્રયત્ન કર્યો.

" હુ ઘુંઘટ ખોલી શકતી નથી, તે મારી બેઅદબી માટે મને ક્ષમા કરશો " એમ કહીને તે ઘુંઘટવાળી ચુપ થઇ ગઇ એટલામા બહારથી કોઇના આવવાનો અવાજ સભળાયો, " હો, ત્યારે બાબુ સાહેબ પણ આવી લાગ્યા !" એમ કહીને જ્યાથી માણસના પગલાનો અવાજ સંભળાયો હતો, તે તરફ માલતી વિજળીના વેગથી ચાલી ગઇ

નિસરણી પર ચઢીને કાલી બાબુએ જેવો છજામા પ્રવેશ કર્યો એટલામા માલતી આવીને સામી ઉભી રહી અને મંદ હાસ્ય કરતી કહેવા લાગી કે —" આજે એક રિશ્તો આવી લાગ્યો છે."

" હશે પણ તે છે કયા ? " કાલી બાબુએ ભવા ચઢાવીને કહ્યુ.

" ઘરમા જાઓ—અન્દર શયનગૃહમા તેને તમે જોઇ શકશો. " માલતીએ ગભીરતાથી કહ્યુ.

" અન્દર શયનગૃહમા મવક્કિલ અથવા ફિરેસ્તો છે ? આ તુ મશ્કરી તો નથી કરતીને ? " કાલી બાબુએ જરાક આશ્ચર્યતાથી પૂછ્યું.

" મારા સોગન લ્યો , હું મશ્કરી નથી કરતી. ખરેખર જ એક સારો ફિરેસ્તો આવી લાગ્યો છે. અલબત્ત, એ પુરૂષ ફિરેસ્તો હોવાની વાત જૂદી છે, પરંતુ સ્ત્રી ફિરેસ્તો છે એમા તો કશો પણ શંશય નથી જ. એ અબળા આપના શયનમંદિરમાં બેઠેલી છે, તેને જઇને જુઓ, પણ સભાળ રાખજો એ રમણીના રૂપથી મોહીને ક્યાક અન્ન અને જળનો ત્યાગ કરી દેતા ? વળી આ દાસીને પણ ભૂલી ન જશો હો કે ! જાઓ, ઉતાવળ કરો બિચારી બહુ વારથી આપની વાટ જોઇને બેસી રહી છે " માલતીએ સ્ત્રીના સ્વભાવને અનુસરતો વિનોદ કરીને વાત કહી સંભળાવી. માલતી ચાલી ગઇ અને કાલી બાબુએ શયનગૃહમા પગ મૂક્યો

મનોરમા.

કાલી બાબુને આવતો જોતા જ ઘુંઘટવાળી અબળા ઝટ ઉઠીને ઉભી થઇ અને ઉતાવળ કરીને પૂછવા લાગી કે — " શું ડિટેક્ટિવ કાલી બાબુ તે આપ પોતે જ છો કે ? "

" જી હા – હુ પોતે જ. તમે નીરાતે બેસો. કાલી બાબુએ કહ્યું.

" બાબુ સાહેબ ! હું એક બહુ જ મોટી આફતમા આવી પડી છું, એ આફત એવા પ્રકારની છે કે, એવી ઘટનાઓ કાંઇ હંમેશ બનતી જોવામા આવતી નથી મારી કર્મકથા ઘણી જ ગોટાળાભરેલી છે. " ઘુંઘટવાળી સ્ત્રીએ પોતાના વૃત્તાતની શરૂઆત કરી.

" એમ કે ? " આશ્ચર્યથી કાલી બાબુએ પ્રશ્ન કર્યો.

" જી હા – એમ જ છે. જો આપની આજ્ઞા હોય, તો હું

મારી કર્મકથા આપને વિસ્તારથી કહી સભળાવું. " અપરિચિત અબળા બોલી.

" તમારી કર્મકથા સાભળવા પહેલાં મારે એ જાણવું જોઇએ કે, આ મામલામા હું કોના તરફથી રોકાવાનો છું " કાલી બાબુએ કહ્યુ.

" એ પ્રશ્ન કેવો ? આપને રોકવા માટે જ તો હું અહીં આવેલી છું. હું આપની સહાયતા માગુ છું " તે અબળાએ ખુલાસો કર્યો.

" તમારૂં નામ શુ છે ? " બાબુએ પૂછયું.

" મારૂ નામ **મનોરમા** છે. " સ્ત્રીએ કહ્યું હવે આપણે પણ એને **મનોરમાના** નામથી જ ઓળખીશુ.

" તમારો વિવાહ થયો છે કે ?" કાલી બાબુએ પ્રશ્ન પૂછયો.

" જી નહિ. હજી હુ કુંવારી જ છું " જવાબ મળ્યો.

" વારૂ. પણ અત્યારે હું જેની સાથે વાતચીત કરવામાં રોકાયલો છુ તેને બરાબર ઓળખી લેવી, એ મારૂ પહેલું કામ છે, એ કામ કરી લીધા પછી હુ તમારો વૃત્તાંત સાભળીશ. મારા સમક્ષ તમારે ઘુંઘટ તાણીને બેસવાની કશી પણ અગત્ય નથી. મને તમારે પોતાના ભાઇ જેવો જ સમજવાનો છે. " કાલી બાબુએ ઘુંઘટ કાઢી નંખાવવાની એક નુતન યુક્તી રચી.

તત્કાળ બહારથી એક સ્ત્રીના હસવાનો અવાજ સંભળાયો. ચતુર વાચનારને કહેવાની કશી પણ અગત્ય નથી કે, એ હાસ્યધ્વનિ ઘરની ધણીયાણી માલતીનો હ્તો.

માલતી દરવાજા બહાર ઉભી રહીને ઘરમા ચાલતી બધી વાતચીત સાંભળ્યા કરતી હતી. કાલી બાબુના મુખમાથી નીકળેલો ' બાઇ ' શબ્દ સાભળીને તે પોતાના હસવાને રોકી શકી નહિ.

મનોરમાએ આમ તેમ જોઇને પોતાના ઘુઘટનો પટ ખોલી નાખ્યો હે પરમેશ્વર ! કેવું સુન્દર સ્વરૂપ ? મુખમંડળની સ્વર્ગીય શોભા, સુન્દર શ્યામવર્ણની મારકણી આખો, નાગ સમાન લાંબા કેશ અને સુદૃઢ શરીરબંધનને જોઇને જેનું મન મોહિત ન થાય તે ખરેખર કોઇ યોગી કે નપુંસક જ હોવો જોઇએ.

" બાબુજી ! આજથી ત્રણ વર્ષ પહેલા આ અભાગિની એ આ મુખ એક અજાણ્યા માણસને બતાવ્યુ હતું. " મનોરમાએ કહ્યુ.

" અને ત્યારપછી ત્રણ વર્ષ સુધી આવી રીતે મોઢું છુપાવી રાખવાનુ શુ કારણ હતુ વારૂ ?" કાલી બાબુએ વાતને પકડીને પ્રશ્ન ભેદ કર્યો

ભેદ.

" મારા જેવી બીજી એક યુવતી છે અને તે રંગરૂપમા બિલકુલ મારા જેવી જ છે " મનોરમાએ જવાબ દીધો.

" તે કોણ છે અને તેનું નામ શુ છે ? " મૂછોપર હાથ ફેરવીને બાબુ સાહેબ સવાલ કરવાના કામમા આગળ વધ્યા

" તેનું નામ પણ મનોરમા છે. " મનોરમાએ ઉત્તર આપ્યો.

" રામ ! એ તો ઘણી જ અજાયબીની વાત કહેવાય કે રંગરૂપમા પણ તે તમારા જેવી જ છે અને વળી નામ પણ તમારૂં જ ધરાવે છે. આ વાત સાભળીને ચમત્કાર કેમ ન લાગે વારૂ ?" કાલી બાબુએ કહ્યુ

" એ ચમત્કાર નથી, પણ જાલસાજી છે. એ જે બીજી યુવતી છે અને રંગરૂપમાં મારા જેવી જ છે, તેણે પોતાના ખરા નામને છુપાવી દીધું છે અને મારૂ નામ ધારણ કરીને મારી માલ મિલ્કતની ધણી બનીને મોજ મજાહ ઉડાવતી બેઠી છે. એ ધન, દોલત અને જમીન—જાગીર વીગેરેનો આપ ઉદ્ધાર કરી શકશો, એવી આશાથીજ હું આપને શરણે આવેલી છુ." મનોરમાએ નમ્રતાથી કહ્યું.

" ત્યારે એ બીજી બનાવટી મનોરમાનું મૂળ ખરૂ નામ શું છે ?" કાલી બાબુએ વિચાર કરીને પ્રશ્ન પૂછ્યો.

" તેનું ખરૂ નામ વિશ્વાસપૂર્વક મારાથી કહી શકાય તેમ નથી." તે બોલી.

" તે તમારી કાંઈ સગી વ્હાલી તો નથી ને ? " કાલી બાબુએ પૂછ્યું.

" એ પણ હું બરાબર જાણતી નથી." મનોરમાએ કહ્યું.

" ત્યારે તો આ કોઇ મોટો ભરમ ભરેલો મામલો કહેવાય. વારૂ, મનોરમા ! તમે જે કાંઇ પણ જાણતાં હો, તે બધુ મારા આગળ બેધડક કહી જાઓ ! " કાલી બાબુએ કહ્યું.

આંખોમાં આંસુ લાવીને મનોરમા કાલી બાબુના મુખ તરફ જોતી પોતાની કર્મકહાણી કહેવા લાગી:—" બાબુજી ! બે પુરૂષ કે બે સ્ત્રીઓ એકજ રંગરૂપમાં અને એક જ વયનાં હોય, એમ જોડિયા ભાઇ કે જોડિયા બ્હેન વિના બીજે કયાંય આપના જોવામાં આવ્યું છે ખરૂં કે ? "

" જી, નહિ. એવો બનાવ હજી સુધી તો કયાંય પણ મારા

જોવામાં કે સાંભળવામાં આવ્યો નથી," કાલી બાબુએ પોતાનો અભિપ્રાય દર્શાવ્યો.

"આપે જે બનાવ જોયો નથી, તેજ બનાવ મારા સબંધમા બની ચૂકયો છે. આપ તો એવા બે માણુસને જોવાની પણુ ના પાડો છો, પરંતુ આ મામલામાં તો ત્રણુ માણુસ એક જ સુરત, એક જ રંગરૂપ અને એક સરખી વયનાં જ જોવામા આવે છે એ ત્રણુેમાં જોતા એક રતી જેટલો પણુ ફરક કોઇના જોવા કે જાણુવામા આવી શકતો નથી." મનોરમાએ આશ્ચર્યકારક ચમત્કારિક વાર્તા સંભળાવી.

"ત્રણુ જણુ એક સરખા ? અને ત્રણુેને જોતા એકને બદલે બીજાનો ભ્રમ થઇ જાય ? એ કેમ મનાય ?" કાલી બાબુએ અત્યત અજાયબીથી પૂછ્યુ. ખરેખર એતો **ભયાનક ભેદી ભરમ !**

"જી-હા-સાહેબ ! અમો ત્રણુેને એવો ભ્રમ થઇ જતો હતો પરંતુ ત્રણુમાંથી એક બાળા અત્યારે મરી ગયેલી છે." મનોરમાએ કહ્યું.

"એ ત્રણુમાંથી કઇ બાળા મરી ગઇ છે. એ તમે કાઢી શકશો ? કાલી બાબુએ એક ખુબીવાળો પ્રશ્ન કર્યો.

"જી-નહિ-એ મારાથી બરાબર કહી શકાય એમ નથી." મનોરમાએ કહ્યું.

"વારૂ એમાથી કોઇ પણુ તમારી સગી છે કે નહિ ?" પાછો સવાલ પૂછ્યો.

"જી હા, એમાની એક મારી માસીની દીકરી થાય છે. પણુ

જે બીજી છે તે મારી સગી નહિ, પણ વેરણ જ છે. " મનોરમાએ જવાબ આપ્યો.

" વારૂ ! એ ત્રણમાંથી એક તો જાણે તમે પોતે જ છો. પણ ત્રણેની ઉમ્મર એક સરખી જ છે કે ? " પુનઃ કાશી બાબુએ પૂછ્યું.

" હું અને મારી માસીની દીકરી બ્હેન એક જ દિવસે અને એકજ વખતે જન્મ્યા હતાં મારી બ્હેનનુ જન્મસ્થાન ચેતલા ગોપાલ નગર છે અને મારી જન્મભૂમિ ખિદરપુર છે. હું મારા પિતાના મહેલમાં એટલે કે, ખિદરપુરના આનંદ કુટીરમા જ જન્મી હતી. પણ ત્રીજી યુવતીના જન્મ અથવા વય વિશે હુ વધારે કશું પણ જાણુતો નથી. " મનોરમાએ યથાર્થ વાત કહી સભળાવી.

" ત્યારે આ બધા અનર્થ અને જુલમનું મૂળ એ જ હોવી જોઇએ, વારૂ, તમારી માસીની દીકરીનું નામ શું ? " બાબુએ આગળ ચલાવ્યું.

" તેનું નામ કપિલાદેવી. " મનોરમાએ જણાવ્યું.

" તમે એ તો બરાબર જાણો છોને કે કપિલા તમારી માસીની દીકરી થાય છે ? " કાશી બાબુએ વળી પેચદાર પ્રશ્ન કર્યો.

" જી - હા કપિલાની માતા મારી માતાની જોડિયા બ્હેન થાય છે " મનોરમાએ વિચિત્રતાને ઉત્પન્ન કરનારો ઉત્તર આપ્યો.

" વારૂ. પણ હજી મારે તમને ઘણી વાતો પૂછવાની છે. તમો ત્રણમા ક્યાક ઓળખવામા ગોટાળો થઇ ન જાય, એટલા માટે આપણે દરેકને એક એક નંબર આપી દઇએ તો જાણે ઠીક. તમે

પોતાને નંબર પહેલો માની લેજો, કપિલાનો નંબર બીજો અને જે જાણુ પિછાણુ વગરની છે તેનો નંબર ત્રીજો રાખવો, હવે એ કહો કે નંબર ત્રીજાવાળીની વાત તમે ક્યારથી જાણી ?" કાલી બાબુએ પોતાની પ્રશ્નમાળાને આગળ લંબાવી.

દગો–ફટકો.

"આજે એ વાતને લગભગ બાર વર્ષ જેટલો સમય થવા આવ્યો હશે કે જ્યારે ભૂકૈલાસમાં અમારા એક સગાને ત્યાં કોઇ કારણ પ્રસંગે નોતરૂં આવવાથી જમવા ગઇ હતી." મનોરમાએ જવાબ આપ્યો.

"એ પ્રસંગે તમારો તેની સાથે પરિચય કેમ કરીને થયો ?" કાલી બાબુએ પૂછ્યું.

"પરિચય શાને થાય, મારી સાથે બિલકુલ ઠગાઇ અને લુચ્ચાઇ જ કરવામાં આવી. એ પરિચયનું પરિણામ મહા ભયંકર થયું. એ નંબર ત્રીજાવાળી સ્ત્રી મને જોતા જ 'બ્હેન' કહીને મારી પાસે આવીને ઉભી રહી અને એવા તો હાવ ભાવ બતાવવા લાગી કે, જાણે તે નંબર બીજાવાળી મારી માસીની દીકરી બ્હેન કપિલા જ ન હોય ? મનોરમાએ પોતાના દુર્ભાગ્યની પ્રથમ ઘટિકાનું વર્ણન કર્યું.

"જ્યારે તમો ત્રણેના રૂપરંગમાં એક જરા જેટલો પણ ફરક નહોતો, ત્યારે તમે એમ કેમ જાણી શક્યાં કે, એ તમારી બ્હેન નથી ?" કાલી બાબુએ કહ્યું.

"કારણ કે, તે વખતે કપિલા ઘણી જ માંદી હતી અને ખાટલામાંથી ઉઠીને બેઠાં થવા જેટલી તાકાત તેના શરીરમાં હતી નહિ."

બીમારોને માટે એક આશાનું કીરણ.



જેઓ શરીરની વેદનાઓ જેવી કે, માથાનો દુઃખાવો, લચક, કડી વાયુ, અકડી ગયલા સાંધાઓ, નજલો, સધીવા વગેરેથી સાજા થવાથી નીરાશ થઇ બેઠા હોય તેઓને માટે

(રજીસ્ટર્ડ) અમૃતાંજન (રજીસ્ટર્ડ)

એક રામબાણ ઇલાજ છે. એ વનસ્પતિનાં ચોખ્ખાં તત્વોમાથી બને છે અને સઘળા પ્રકારના

દુઃખારા અને દરદો

ઉપર ચમત્કારીક અસર કરે છે. એકવાર અજમાવી જુઓ.

કીંમત ડબી દીઠ આના ૮.

સઘળા ગાધીઓને ત્યા અથવાતો

અમૃતાંજનડીપો, ૧૦૯, ફ્રીયરરોડ—મુંબઈમાંથીમળેછે

મનોરમાએ ખુલાસો કર્યો.

" તમે એ બરાબર જાણો છો કે, કપિલાના શરીરમાં એટલી અશક્તિ વધી ગયેલી હતી ? શું તમે ફરિને પાછાં તેને જોવા ગયા હતાં ? " કાલી બાબુએ ઉલટો સવાલ પૂછયો.

" હું પોતે તો જો કે તેને જોવાને ગઇ નહોતી, પરંતુ મારા એક નોકરને મેં ત્યાં મોકલ્યો હતો. એ નોકર એવો તો વિશ્વાસપાત્ર હતો કે, એવો વફાદાર માણુસ આ દુનિયામાં ભાગ્યે જ મળી શકે" મનોરમાએ કહ્યું.

" અત્યારે એ નોકર કયાં છે વારૂ ? " કાલી બાબુએ પૂછયું.

" આજે ત્રણ વર્ષ થયા તે મરણુ પામ્યો છે. મારી એવી ધારણા છે કે, તેને ઝેર આપીને મારી નાંખવામા આવ્યો છે. " મનોરમા બોલી

" તેને ઝેર દઇને મારી નાંખવામા આવ્યો છે, એવો તમારો નિશ્ચય શા આધારે થયો વારૂ ? " કાલી બાબુએ જરી ખેંચીને પૂછયું.

" તેના એકાએક મરણુ થવાના સમાચાર સાંભળવાથી જ મારો એ નિશ્ચય થયો છે. એ નોકરનું જે મરણુ થયું છે એ પણુ એક મોટો ભેદભરેલો બનાવ છે " મનોરમાએ જવાબ આપ્યો.

" તમે એના મરણુનું કારણુ શું હતુ, તેનો શોધ નહોતો કર્યો કે શું ? " કાલી બાબુએ પૂછયુ.

" તે મરણુસમયે મારી પાસે નહોતો, એટલે મારાથી વધારે શોધ ખોળ થઇ શકી નહિ. ને મરતી વેળાએ નંબર બીજા અથવા તો ત્રીજાવાળી યુવતી પાસે હતો. " મનોરમા બોલી.

"તેમાની કોઇની પાસે રહેવાનું કારણ ? કારણ કે, એ નોકર તો તમારો જ હતો." કાલી બાબુએ ઉલટસુલટ તપાસ ચલાવી.

"નોકર તો મારો હતો. પરંતુ તે પણ એક પ્રકારના ભયંકર ભૂલાવાનો ભોગ થઇ પડયો હતો. તે તો એમ જ જાણતો હતો કે, તે મારી પાસે જ છે, પણ ખરી રીતે તે એ બેમાની એક અગળા પાસે હતો, એનુ તેને ભાન હતુ નહિ." મનોરમાએ વળી એક નવો ભેદ બતાવ્યો.

"તે તમારો પુરાણો નોકર હતો ? વયમાં વૃદ્ધ હતો ? અને તે તમારા જ કુટુંબમાં પળાયલો હતો કે ?" કાલી બાબુએ પ્રશ્ન કર્યો.

"જી હા." મનોરમાએ ટુકા જવાબથી જ પતાવી દીધું.

"એવો એક જૂનો અને જાણીતો નોકર શી રીતે ઠગાયો વારુ ? કાલી બાબુએ પૂછ્યું.

"એ તેની પહેલી જ ભૂલ હતી અને એ પહેલી ભૂલમાં જ તે બિચારાના શરીરનો ભોગ પણ અપાયો" મનોરમાએ નિઃશ્વાસ નાંખીને કહ્યું.

"પણ એ ભૂલનો ભોગ તે થયો કેવી રીતે ?" કાલી બાબુએ પૂછ્યુ.

"તે એવી રીતે કે, તે કોઇ દિવસ એવી ભૂલ કરતો જ નહોતો, પરતુ દુર્ભાગ્યયોગે જે ભૂલ તેના હાથે થઇ હતી, તે ભૂલને મરવા પહેલા તે જાણી ગયો હતો. તે પોતે કેવી રીતે ઠગાયો હતો, એ તેના સમજવામાં આવી ગયું હતું. મરણથી થોડા દિવસ પહેલાં તે એ પણ પામી ગયો હતો કે, તેને શા માટે અને શા કારણોથી

ભૂત, વર્તમાન અને ભવિષ્ય જાણવાની ઉત્તમ શોધ.

તિલેસ્માતિક-દર્પણ.

દક્ષીણ વિહારી એક જૈન ગુરૂની સહાયથી લગભગ બે હજાર વર્ષપર થઇ ગયેલા પાદલીપ્તાચાર્યના શિષ્ય નાગાર્જનાચાર્યની વિદ્યાની શોધ.

દુનિઆમાની અમુલ્યમાની અમુલ્ય વસ્તુ કરતા પણ આ દર્પણની પ્રાપ્તી ઘણી અમૂલ્ય છે. દર્પણની શકિતથી સત્તા, સુખ તન અને ધનની પ્રાપ્તી થાય છે. ભૂત, વર્તમાન અને ભવિષ્યના કામોના વિકટમા વિકટ સવાલોના જવાબ તાબડતોબ મેળવવા હોય તો દર્પણ ખરીદવાને એક પળ પણ ગુમાવશો નહિ આ દર્પણ અત્યારની બનાવટ નથી પણ આગલના મહાત્માની કૃતિ છે એક વખત અનુભવ લઇ ખાત્રી કરો દૂરના સગાની ખબર, વેપારમાં નફો તોટો, પરીક્ષાનુ પરિણામ, રોગીની ખબર, ભાવની વધઘટ, ચોરાઇ ગયેલી વસ્તુની તપાસ આદિ અનેક શંકાઓનુ સમાધાન કરવાનું સાધન ફકત તિલેસ્માતિક દર્પણજ છે; જેની ખાત્રીમાટે અનેક સરટીફીકેટો મળ્યાં છે. **ફી. રૂ. ૨. વી. પી. સાથે ૨-૮-૦.**

જૈનમુની બાલવિજયજી જણાવે છે કે તિલેસ્માતિક દર્પણમાં સાક્ષાત દેવોના તથા તિર્થોનાં દર્શન થાય છે. આ દર્પણમા જે સવાલ પૂછીએ છીએ તના જવાબો સંતોષકારક મળે છે.

સોલએજન્ટ, **વર્દ્ધમાન એન્ડ સન્સ.**

મુંબઇ, નં. ૯.

વૈરીએ ઠગ્યો હતો. એ વાતને દુશ્મન જાણી ગઇ અને પોતાનો ઘાત ન થાય એટલા માટે તેણે તેને મોતને હવાલે કરી દીધો, " મનોરમાએ કહ્યું.

" પોતાની ભૂલને તે નોકર જાણી ગયો હતો, એ વાત તમારાં જાણવામા કેમ આવી વારૂ ? " ડિટેકિટવ બાબુએ પાછો પ્રશ્ન કર્યો.

" તેણે મરવાથી કેટલાક વખત પહેલા મારા નામે એક ચીઠી મોકલી હતી. " જવાબ મળ્યો.

" એ કાગળ તમને ટપાલ માર્ફતે આવ્યો હતો કે ? " કાલી બાબુએ પૂછ્યું.

" જી – નહિ – એક માણુસ આવીને આપી ગયો. એ ચીઠ્ઠી મેં ઘણી જ સભાળથી જાળવી રાખી છે. તે અત્યારે પણ મારી પાસે જ છે. લ્યો આ વાચી જુઓ. " એમ કહી મનોરમાએ પોતાની ચોળીમાંથી એક ચીઠ્ઠી કાઢીને કાલી બાબુના હાથમા આપી. તેણે તે પત્ર વાંચી જોયો જે નીચે પ્રમાણે હતો —

" શ્રી કાળીજીનો જય ! "

" બ્હેન ! હું એક અજબ રીતે ઠગાઇ ગયો છુ તમે જ મારા સ્વામિની છો, એ હવે હું સારી રીતે જાણી ગયો છું અને એ બાબતના મે ઘણાક પૂરાવા પણ એકઠા કરેલા છે. વખતે એ બધા પૂરાવા માર્ગમા ખોવાઇ જાય એ બયથી આ પત્ર સાથે તે કાગળિયા હુ આપને મોકલી શકતો નથી. સારો પ્રસંગ મળતા અને સગવડ થતા જ હું તે બધા પૂરાવા આપના નામપર મોકલી આપીશ, અથવા તો હુ પોતે જ આવીને આપીશ. ગઇ કાલથી મને તાવ

આવવા માં ડયો છે અને આજે તો વળી તાવનું જોર કાંઇક વધારે હોય એમ જણાય છે. જો આવતી કાલે પણ મારી તબીયત એવીજ બગડેલી રહેશે અને તાવનું જોર વધતું દેખાશે, તો કોઇ વિશ્વાસુ માણસના હાથે એ બધા કાગળપત્ર હું તમારાપર મોકલી આપીશ અંતે તમને ન ઓળખીને મેંજે એક ભારી અપરાધ કર્યો છે, તેની ક્ષમા માંગવાને હું હાથ જોડુ છું. તમારો નોકર,

"રામગુલામ."

તા. ક. "વિશેષ એ કે, મારી પાસેથી એ પ્રમાણપત્રો કોઇ ચોરી જાય, એનો જરા પણ ડર નથી. કારણકે, એ સઘળા પત્રોને મેં એક રૂમાલમાં બાંધીને એક એવી ગુપ્ત જગ્યાએ રાખેલા છે કે કોઇના પણ હાથમાં તે આવી શકે તેમ નથી જ, અને એ પોટલીને ઓળખવા માટે મેં તેનાપર '૧૭ ક' એવું એક નિશાન કરી રાખ્યુ છે."

એ આખો કાગળ વાંચીને કાલી બાબુ પુનઃ મનોરમાને પૂછવા લાગ્યો કે—'આ કાગળ મળ્યા પછી રામગુલામ તરફથી બીજો પણ કોઇ કાગળ મળ્યો હતો ખરો કે?"

"જી—નહિ. કારણકે, એ રાત્રે જ તેનો સ્વર્ગવાસ થઇ ગયો હતો." મનોરમાએ શોકાતુર મુદ્રાથી જવાબ આપ્યો.

"તે કેવી રીતે! માત્ર એક દિવસના તાવમા જ તે મરીગયો?" જરાક અજાયબીના ભાવથી ભવાં ચઢાવીને કાલી બાબુએ પૂછ્યું.

"એ તાવથી મરી ગયો કે બીજા કશાથી તે તો પરમેશ્વર જાણે, પણ બહાર તો તે મરકીના રોગથી મરી ગયો એવી વાત સંભળાઇ હતી." ઉત્તર મળ્યો.

" વારૂ. ત્યારે તમારી તો એવીજ ધારણા છે કે તેને ઝેર આ-પીને મારી નાખવામા આવ્યો હતો. વારૂ પણ તે પછી ' ૧૭ ક ' નિશાનીવાળી પોટલીની તમે કાંઇ પણ તપાસ કરી હતી કે ? " કાલી બાબુએ અગત્યનો પ્રશ્ન કાઢયો.

કેદ.

" જી—નહિ—હું કશી પણ તપાસ કરી શકી નહોતી. કારણ કે, તપાસનો રસ્તો જ જ્યા બંધ કરી દેવામા આવ્યો, ત્યા શો ઉપાય ? એ નોકર રામગુલામના મરણ પછી તરત જ મને ગાડી ઠરાવીને કેદ કરી રાખી. હું જ્યારે એ બધી હકીકત આપને કહી સંભળાવીશ, ત્યારે મારી વાત જેવી રીતે બીજા લોકોના માનવામા નથી આવતી, તેવી રીતે કદાચિત્ આપ પણ એ વાત માનવામા આનાકાની કરશો જ. " મનોરમાએ વળી એક નવો જ ભેદ ઉઘાડયો.

" જો તમે બધી વાત નહિ કહો, તો હું પોતે જ એ બધી વાતનો પત્તો કાઢી લઇશ. તમે કહો કે ન કહો, પણ એટલુ આજથી જાણી રાખજો કે, મારાથી એક તણખલા જેટલી વાત પણ છૂપી રહેવાની નથી. " કાલી બાબુએ એક પ્રકારની ગુપ્ત સૂચના આપી દીધી.

" મારા ધન દોલતની ધણીયાણી બનીને આજકાલ ચમન ઉ-ડાવતી બેઠી છે, તેણે જ મને ગાડી ઠરાવીને એક ડોકટરને ત્યાં કેદ કરાવી રાખી હતી " મનોરમાએ આંખમા આંસુ આણીને કહ્યું.

" એ કેટલાક દિવસથી તમારી જાગીરની માલકણ બની બેઠી છે વારૂ ?" કાલી બાબુએ સવાલ પૂછયો

" આજે ત્રણ વર્ષથી. " મનોરમાએ કહ્યુ.

" તમે ડોકટરને ત્યાંથી છૂટા થયા, એને કેટલા દિવસ થયા?"

" આજે બે દિવસ થયા " મનોરમાએ જવાબ દીધો.

" વારૂ. તે ડોકટરનું મકાન કયાં છે અને તેનું નામશું ?"

" તેનું મકાન શિવપુરમાં છે અને તેનું નામ ગોવિન્દ-પ્રસાદ સેન છે "

" એ તો તમે જાણોજ છો કે, તમે ગાડા છો અને કેદખાના-માથી નાસી આવેલા છો, એટલે હું તમને પાછા પકડીને તેજ ડો-કટરને ત્યાં મોકલી શકુ એમ છે. " કાલી બાબુએ જરાક કરડી આખ કરીને કહ્યુ.

" અરે બાપરે ! હે ભગવાન્ ! બાબુજી ! આપ આ શું કરવા બેઠા છો ? હુ તો આપના શરણે આવેલી છું, માટે આપ જે ચાહો તે કરો, પણ એટલું તો મારે કહેવુ જ જોઇએ કે, મને પાછી ડો-કટરને ઘેર મોકલવા કરતા જીવથી જ મારી નાખો તો વધારે સારૂં. " નિરાશાથી મનોરમાએ એ વાકયો ઉચ્ચાર્યાં

" નહિ-નહિ તમે ગાડાં છો અને તેથી તમને પકડીને ત્યા મોકલી આપવા, એ જ મને વધારે વ્યાજબી જણાય છે. " કાલી બાબુએ ધમકી બતાવી, મનોરમા સજ્જડ થઇ ગઇ.

ગોટાળો.

કાલી બાબુએ પોતાના રૂવાબપણા અને કર્કશ સ્વરથી મનોર-માને જે ધમકી આપી, તે સાંભળીને કેટલીક વાર સુધી તો તે બિ-ચારીના મોઢામાંથી શબ્દ જ બહાર નીકળી શકયો નહિ. ચુપચુપ

બની માથું નમાવીને ત્યાની ત્યા જ સજ્જડ થઇ બેસી રહી. કેટલોક વખત જવા પછી આસુથી ભરેલી આંખો બતાવતી અને દયામણું મોઢું કરીને તે કહેવા લાગી કે,–" આપને મારો જે આટલો વૃત્તાંત સંભળ્યો, તેને આપ સત્ય માનો છો કે હજી મને ગાડી જ ધારો છો ? "

" મનોરમા ! જ્યા સુધી હુ ' ૧૭ ક ' નિશાનીવાળી પોટલીનો પત્તો ન લગાવી શકું, ત્યાં સુધી તમારી કોઇ પણ વાત હુ સાચી તરીકે માની શકુ એમ નથી તમારે મનમા સારી રીતે જાણી રાખવું કે, મારૂં નામ કાલી બાબુ છે. " બાબુજીએ જરાક કરડાકીમા જવાબ આપ્યો.

મનોરમાએ બહુ જ વિનયના ભાવથી કહ્યુ' કે,–" બાબુજી ! હું આપને આપ આ કામમા હાથ નાંખો તે પહેલા એ જણાવવા ઇચ્છું છુ કે, હુ અત્યારે બહુ જ ગરીબ હાલતમા છુ. મારી પાસે અત્યારે સો અને બહુ તો સવાસો રૂપિયાથી વધારે પુજી નથી હું આપને જે છે તે ખરેખરૂ જ જણાવી દઉં છુ માટે આપ આ કામમા જે મહેનત કરશો, તેનો પૂરો બદલો આપવાની અત્યારે મારામા શકિત નથી, પણ— "

" પણ શુ ? બોલતા કેમ અચકાયા ? " કાલી બાબુએ વચ્ચે જ સવાલ કર્યો.

" પણ એમ કે, જો તમે ' ૧૭ ક ' નિશાનવાળી પોટલીનો પત્તો ન મેળવી શકો તો — " મનોરમા વળી પાછી બોલતી બોલતી અટકી ગઇ.

" તો શું થાય ? " પાછો કાલી બાબુએ વચ્ચે જ પ્રશ્ન પૂછયો.

" તો મારૂ નખ્ખોદ જ નીકળી જાય. કારણુ કે એ પોટલીના આધારે જ મને મારી મિલ્કત મળશે, એવી આશા છે. મારા પિતા મરતી વેળાએ–એ વાતને આજે ચાર વર્ષ થયાં – મારા માટે ઓછામા ઓછી બે લાખ રૂપિયાની રકમ મૂકી ગયા છે. " મનોરમાએ કારણુ દર્શાવ્યુ.

" હું અટકળ કરી શકું છુ કે, તમારી માતા પણુ જીવતા નથી " છૂપી પોલીસના અમલદારે પોતાની ચાતુરીમાં આગળ વધવા માંડયું.

" મારી માતાના મૃત્યુને તો આજે લગભગ દશ વર્ષ થવા આવ્યાં. અત્યારે મારી અવસ્થા અઢાર વર્ષની છે મારી માતા મને આઠ વર્ષની મૂકીને મરી ગઇ હતી. " મનોરમાએ ખુલાસો કર્યો.

" આટલી ઉમર થવા છતા તમે હજી પરણ્યાં નથી, એનું કારણુ શુ છે વારૂ ?" ડીટેક્ટિવ બાબુએ એક સ્ત્રીને સાધારણુ રીતે શર્માવનારો સવાલ કર્યો.

" મારા પિતા બ્રહ્મસમાજી હોવાના કારણુથી બાલવિવાહની પધ્ધતિથી વિરૂધ્ધ હતા. જ્યારે તેમનો સ્વર્ગવાસ થયો, ત્યારે મારૂં વય ચોદ વર્ષનું જ હતું. કદાચિત્ બે વર્ષ તે વધારે જીવ્યા હોત, તો હુ પરણી શકી હોત; પણુ તે પહેલા જ દુર્ભાગ્યના આવા ભયકર ચક્રમા હું આવી પડી અને વર્ષો સુધી ડોકટરના કેદખાનામા સબડતી પડી રહી, એટલે મારાથી પરણી શકાયું નથી. " મનોરમાએ શર્માવા વગર જ યથાર્થ ઉત્તર આપી દીધો. ખરેખર માણુસ પર જ્યારે દુ:ખના વાદળ તૂટી પડે છે. ત્યારે પછી શર્મ અને લજ્જા

જેવું કાંઇ પણ રહી શકતુ નથી, એ નિયમની સત્યતાનો મનોરમા· એ પ્રત્યક્ષ પરિચય કરી આપ્યો.

"વારૂ–તો અત્યારે તમારે બદલે તમારી મિલ્કતની જે માલિક થઇ બેઠી છે તે તથા તમારી મામીની પુત્રી બ્હેન કપિલા તે નબર બીજાવાળી યુવતી છે કે નંબર ત્રીજાવાળી અજાણી અબળા છે, એની તમને કશી ચોકસ ખબર છે ખરી કે?" કાલી બાબુએ પાછો એક પેચદાર સવાલ રજૂ કર્યો.

"એ વિશે હું બરાબર કશું પણ જાણતી નથી, તેમ જ અટકળથી પણ હું કાંઇ કહી શકુ તેમ નથી," મનોરમાએ ખરેખરો જવાબ આપ્યો.

"બનાવ ઘણો જ ગોટાળા ભરેલો છે, પણ ફિકર નહિ વારૂ–તમારૂ મકાન કયા આવેલુ છે?" કાલી બાબુએ જરાક વિચાર કરીને પૂછ્યું

બસો રૂપૈઆમાં અન્નદાન

સાથે

અમર નામ.

દાનવીર સજ્જનો અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના ઉદ્ધાર હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો ! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ ! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. બસો દાનમાં મળશે તે રકમ અનામત રાખી તેના વ્યાજ-માંથી દર વર્ષ દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દીવસે આશ્રમના અનાથોને દાતાનાસ્મરણમાં અન્ન-દાન આપવામાં આવશે, અને તે દાતાના નામની આરસની તખતી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે? જરૂર મળશે. દયા લાવી લખો —

મંત્રી—**હિંદુ અનાથાશ્રમ.**

નડિયાદ.